R.N.I.No. : 11555/66 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 53 Issue No. 12 May - 2010

*ઈશ્વરે કદી કીધું નથી કે*

*તમને પીડા વગરના દિવસો આપીશ.*

માપ્યા વગરનો પ્રેમ કરશો

ત્યારે જ પ્રેમ કેટલો છે એ માપી શકશો ।

જેને પ્રેમ આપવો ગમે

અને જેને આપતા હો તેને પણ

તમારા પ્રેમનો પ્રતિસાદ આપવો ગમતો હોય

એવી વ્યક્તિ મળી જાય ત્યારે મોં ધોવા ના જતા:

માનને ખાતર પ્રેમ ગુમાવવા કરતાં

પ્રેમને ખાતર માન ગુમાવવાનું પસંદ કરજો.

પ્રેમ કરવા સંપૂર્ણ પાત્રની રાહ જોવા કરતાં

પ્રેમ કરતાં હો એ પાત્રને

સંપૂર્ણ પ્રેમ કરવાના પયત્ન કરજો.

- સંકલન

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ૬૦મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

તા. ૩૦/૪/૨૦૧૦

ભાઈશ્રી/ બહેનશ્રી

આથી ઉપયુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા **તા. ૨૦-૬-૨૦૧૦ રવિવારે સાંજે ૪ કલાકે** સંસ્થાના કાર્યવાહક પ્રમુખ શ્રી શીરીષ પરીખના પ્રમુખ સ્થાને સંસ્થાની ઓફિસે ૧૧૮/૧૨૦, અરદેસર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪ ખાતે નીચે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલત્વી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા.

૨) શૈક્ષણિક પારિતોષિકોનું વિતરણ.

૩) વર્ષ ૨૦૦૯ - ૨૦૧૦ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી.

૪) વર્ષ ૨૦૦૯ - ૨૦૧૦ના પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી.

૫) વર્ષ ૨૦૧૦ - ૨૦૧૧ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.

૬) ચૂંટણીના પરિણામ જાહેર કરવા.

૭) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે.

૮) પ્રમુખશ્રીનું ભાષણ.

**મંત્રી – મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૪ | ૨ | ૧૪-૫-૨૦૧૦ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૧ થી ૮ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# સીંગલ ચાઈલ્ડ

**તંત્રી સ્થાનેથી**

સત્તે પે સત્તા પીકચરમાં અમિતાભ એની પત્ની બનેલી હેમાને પોતાના ભાઈઓનો પરિચય આપતાં સમજાવે છે તેઓના નામ, અમે સાત ભાઈઓ હતાં એટલે અમારા નામ મા-બાપે વાર ઉપરથી રાખ્યા, રવિ, સોમ, મંગળ.... ત્યારે હેમાએ સહજ પૂછયું કે વધારે ભાઈઓ હોત તો ? અમિતાભે સહજ રીતે કહ્યું જનવરી, ફરવરી, માર્ચ.... આ ઉપરાંત ઘણા હીરો હીરોઈનોએ પીકચરોમાં એક આખી ક્રીકેટ ટીમ જણવાની ઈચ્છા પ્રગટ કરી છે. આપણી બાલાસિનોર ન્યાતમાં પણ દસ કે એથી વધુ ભાઈ બહેનો ધરાવતાં કુટુંબો સહજ ગણાતા. તેર સંતાનો પછી પતિના અવસાન બાદ એક માજીને મેં કહેતા સાંભળ્યા છે,''અમારા એ હજી જીવતા હોત તો મારે હજી બે ચાર સંતાનો ના હોત ?''

સામે પક્ષે ઘડપણમાં પોતાની અવગણના કરનાર અને છતે છોકરે ઘરબાર છોડીને વૃધ્ધાશ્રમોમાં પરાણે રહેતાં મા-બાપ પોતાને સંતાનો હોવા પ્રત્યે અફસોસ વ્યકત કરીને નિઃસાસા નાખતાં હોય છે. એક દાનવીરે બંધાવેલી મફત પાણીની પરબ ઉપર એના સંતાનને પાણીનો વેપાર કરતો જોઈને ભામાશાએ કહ્યું હતું,''આવા સંતાનો કરતાં પ્રભુ! મને નખોદ આપજો'' ખેર ! નખોદની વાત જવા દઈએ. એવા શાપ કોઈ મા- બાપને ન મળે એવી ઉપરવાળાને પ્રાર્થના. કારણ કે સંતાન વગરના મા-બાપોની વ્યથા, વાંઝ મેણું સતત સાંભળવાની સજા અને બે શેર માટીની માંગણી સાથે દોરા ધાગાથી માંડીને, માનતા, જાત્રા અને

જ્યોતિષોના ચક્કરમાં સતત અથડાતા મા-બાપો આ સજા માટે આખી જીંદગી ભગવાન પાસે પોતાનો ગુનો પુછતાં હોય છે.

આજે વાત કરવી છે કે કેટલાં સંતાનો હોવા જોઈએ. ઘણા ધર્મમાં અને અનપઢ પ્રજામાં જેઓ સંતાનોને ઉપરવાળાની દેન સમજતાં હોય તેઓમાં તો દર વર્ષે એક સંતાન હાજર જ હોય છે. ''એક હાથમાં તો બીજું ખોળામાં ને ત્રીજુ કોખમાં'' આજે જેમ વિજ્ઞાન આગળ વધ્યું છે અને સામાજીક જાગૃતિ વધી છે એમ મા-બાપ નક્કી કરે છે કે ક્યારે અને કેટલાં સંતાનોને જન્મ આપવો. બારમાંથી ચાર, ચારમાંથી બે અને આજે ફક્ત એક જ સંતાનનો ટ્રેન્ડ આવી ગયો છે. પહેલાં ગામડા ગામમાં ખેતરોમાંથી અનાજની આવક રહેતી અને ખાવાપીવા સીવાય કંઈ ખર્ચા ખાસ હતા નહી એટલે વધારે છોકરાઓનો નિભાવ થઈ જતો. ગામની શાળામાં મફત ભણવાનું અને ના ભણે તો ખેતરે કામે લાગી જવાનું, ખર્ચાની અને ઉછેરની જવાબદારી જાણે હતી જ નહી. જ્યારે આજે પરિસ્થિતી બદલાઈ છે. સ્કુલની ઉંચી ફી, ટયુશન ફી, આ ને તે એકટીવીટીના ક્લાસીસ, એના જ્ઞાન ગમ્મત માટેનો ખર્ચ, ઉચ્ચ શિક્ષણનો ખર્ચ, એને કામ ધંધે લગાડવાનો ખર્ચ, ઘર લેવાનો ખર્ચ. આ બધા સામે બાળક જાણે ન પોષાય એવી બાબત બની ગઈ છે. એક જવાબદારી બની ગઈ છે અને જવાબદારી નીભાવી શકાય એટલી જ લેવી જોઈએ એ આજના મા-બાપ સમજે છે. બાળકના સંપુર્ણ ઉછેર માટે એના વ્યક્તિત્વના વિકાસ માટે આજે પૈસા અને સમય બન્નેનો અભાવ વર્તાય છે અને એટલે જ કદાચ મા-બાપ સિંગલ ચાઈલ્ડની પોલીસી અપનાવે છે. સંયુક્ત કુટુંબમાં રહેતા મા-બાપના એક માત્ર સંતાનને એકલતા સતાવતી નથી કારણે કે દાદા-દાદી કે પોતાના કઝીન બર્ધસ કે સીસ્ટર્સની સાથે તેઓ પોતાની લાગણીઓ શેર કરે છે પરંતુ ફક્ત ત્રણ જણનું કુટુંબ હોય તો બાળક એકલતાથી પીડાય છે. વધુ પડતા લાડ પ્યાર પામવાથી એની આદતો અને એનો સ્વભાવ બદલાય છે. બધું જ એકલાને મળવું જોઈએ એવી ભાવના દ્રઢ થાય છે અને જીવનમાં એ ક્યારેય વહેંચીને પામવાની વૃત્તી કેળવી શકતો નથી. પહેલાં સંતાન પછી ત્રણ કે ચાર વર્ષનો ગેપ હોય તો બીજું બાળક આવવાથી પ્રથમ સંતાન સતત ઉપેક્ષા અનુભવતું હોય છે. એને સરખી રીતે હેન્ડલ ન કરીએ તો ધીરે ધીરે એના મનમાં આવનાર ભાઈ કે બહેન માટે ગ્રજ બંધાતો જાય છે અને કેટલીકવાર એનું વર્તન આવનાર બાળક તરફ હિંસક પણ બને છે. તો પછી ફક્ત એક માત્ર સંતાન કેટલો પઝેસીવ નેચર ધરાવી શકે ? બાળક જ્યારે જરાક સમજણું થાય અને મા-બાપના ફ્રેન્ડ સર્કલમાં પોતાની ઉંમરના બાળકો ના હોય તો પણ એ એકલતા અનુભવે છે અને મા-બાપ સાથે જવાનું ટાળે છે અને પોતાની એકલતામાં જીવતાં શીખી લે છે. એક સંતાનના મા-બાપે પોતાના સંતાનને મિત્રો મળી રહે. પોતાની સમવયસ્ક કંપની મળી રહે એ માટે જાગૃતિ રાખવી જોઈએ. સતત મોટી ઉંમરના દાદા દાદી પાસે રહેતું બાળક પોતાની ઉંમરથી જલ્દી મેચ્યોર બનીને પોતાની બાળકવૃત્તિ ગુમાવે છે. યુવાનવયે બાળક પોતાના મા-બાપ કે વડીલો સામે કેટલીક બાબતો શેર નથી કરી શકતો અને જો યોગ્ય મિત્ર ન મળે તો અંદરો અંદર એ સોરાય છે. મા-બાપ ગમે એટલા ફ્રેન્ડલી હોય એક સમવયસ્ક ભાઈ કે બહેનનો અભાવ એને સતત વર્તાય છે. જોકે ધીરે ધીરે એ પોતાની એકલતાને સ્વીકારીને

જીવતાં શીખી જાય છે. અને અંગત મિત્રો પણ બનાવી લે છે. પરંતુ જીવનના સારા માઠા પ્રસંગે અને વાર-તહેવારે એને કોઈક પોતાની વ્યક્તિની ખોટ જરૂર વર્તાય છે.

કોક કહેશે ભાઈ બહેન હોય પણ મોટા થઈને એકબીજા સામે જોતાય નથી. કે બોલવાનો વહેવાર પણ રહેતો નથી. તો એ ભાઈ બહેનો શા કામના ? બની શકે છે કે સંજોગો અને પરિસ્થિતી લોહીના સંબંધો ભુલાવી દે છે પણ એના માટે જવાબદાર માણસની પોતાની સ્વાર્થવૃત્તી, માફ ન કરીને સતત મનમાં એકાદ નાનકડા કડવા બોલને ઘુંટયા કરવાની પ્રકૃતિ અને થોડે ઘણે અંશે ઉછેર જવાબદાર છે. બાકી ભવિષ્યમાં થનાર આવી પરિસ્થિતીનો વિચાર કરીને આજે શક્ય હોય તો પણ અને ઉછેર થઈ શકે એમ હોય તો પણ સિંગલ ચાઈલ્ડની ફિલસુફી અપનાવવી મને યોગ્ય નથી લાગતી. આ ફિલસુફીમાં બાળકના ભલા કરતાં મા-બાપની પોતાની સગવડો સાચવવાની અને પોતાને અનુકુળ પરિસ્થિતી સર્જવાની વૃત્તી વધુ લાગે છે. પોતે જવાબદારી નિભાવી નથી શકતાં માટે કે પરિસ્થિતીને બેલેન્સ નથી કરી શકતાં માટે તેઓ આ ફિલસુફી અપનાવે છે. બાકી બાળકને તો પોતાના ભાઈ કે બહેન ન હોવાનો અફસોસ આખી જીંદગી સતાવતો હોય છે અને એ સતત મિત્રમાં પોતાનો ભાઈ શોધવાનો કે મિત્રની બહેનમાં પોતાની બહેન શોધવાનો વ્યર્થ પ્રયત્ન કરતો રહે છે.

કેટલા સંતાનો હોવા જોઈએ એ દરેક મા-બાપની અંગત બાબત છે. મેં ફક્ત બન્ને બાજુથી મા-બાપની હાલની અને સંતાનોની ભવિષ્યની પરિસ્થીઓનું વિશ્લેષણ કરવા પ્રયત્નો કર્યા છે. બાકી આખરી નિર્ણય મા-બાપે કરવાનો છે અને સંતાનોએ સ્વીકારવાનો છે.

**- નિખિલ પરીખ**

## 'આ દેહ(જીવ)

અંત સમયનાં એંધાણા વર્તાય છે.
શ્રવણ શક્તિનું ક્ષિણ થવું !
નયનોની દ્રષ્ટિને અગોચર થવું !
બે ડગ ભરવા, ડુંગર સમાન ભાસવું !
છતાંય મન માનવા તૈયાર નથી,
જીવન જીવવા વલખાં મારતો ' આ દેહ'(જીવ)
કાંઈક કેટલી આશાઓના ડુંગર,
કક્કડભુસ થતાં નિહાળ્યાં !
હવે યાદ કરીને શો ફાયદો ?
સ્વજનોને બોજા રૂપ લાગતી કાયા,
જીવ, માયાના બંધનને છોડવા તૈયાર નથી !
કર, ભર, જો ને જાગ !
કુદરતના ક્રમને પારખ !
ના કોઈ સાથ, સહકાર કે સહારો આપતું,
હમદર્દની તો વાતજ ક્યાં કરવી ?
સગા ફક્ત સો-ગજ દૂર રહયા !
તો પછી આ દેહ રૂપી કાયાનો મોહ શા માટે ?
સમગ્ર દેહ સમર્પિત કર !
નિશઃ પ્રાણ દેહનું દાન !
એટલે અમરત્વ પદની પ્રાપ્તિ
દહન ક્રિયામાંથી મુક્તિ
શ્રધ્ધાંજલિ, કે શોકસભાની આવશકયતા ખરી ?
આત્મા દેહથી વિખુટુ પડી,
શ્રીજીમાં વિલિન થાશે !
શ્રીજી એવા આત્માને શાંતિ આપજે.
દાન કરતાં પણ સર્વોચ્ચ શ્રેષ્ઠ ' આ દેહ' દાન.

**'ચાંદશા'**
**ચંદ્રકાંત શાહ (ચટઈ)**

**નોંધ :** દેહનું દાન કરવું કે નહિ અને કર્યા પછી શ્રધ્ધાંજલિ કે શોકસભાનો પ્રશ્ન સૌ કોઈનો અંગત અને વ્યક્તિગત છે.

# ધર્મ વિજ્ઞાન પ્રગતિ...

વિશ્વમાં જે અસંખ્ય શબ્દોની રચના કરવામાં આવી છે તે સૌમાં શ્રેષ્ઠ શબ્દ છે ધર્મ ! ધર્મ અર્થાત ધારણ કરવાની ક્ષમતા, સમાજને ધારણ કરી એને છિન્નભિન્ન થતાં, તૂટતાં, વીખરતા અને અંધાધૂંધીથી તેમજ અરાજકતા (અવ્યવસ્થા)ની ઉંડી ખીણમા પડતાં રોકીને એનું રક્ષણ કરવા સક્ષમ હોય તે જ સાચો 'ધર્મ' કહેવાય.

વૈદિક સમયમાં આપણી પ્રજા શુદ્ધ ધર્મનું આચરણ કરતી હતી. પરંતુ ધીરે ધીરે પ્રજા કર્મકાંડ તરફ વળી ગઈ અને એ કર્મકાંડો અત્યંત ખર્ચાળ બનતા ગયા એનો લાભ આગળ જતા પૌરાણિક યુગમાં પુરોહિતોએ લીધો. આગળ જતા આ ધર્મ જ તેઓનું આજિવીકાનું સાધન બની ગઈ.

એટલે એ ધર્મ આખો કર્મકાંડલક્ષી બની ગયો અને કર્મકાંડ એ પાછો વહેમલક્ષી બન્યો અનેક જાતની વિધિ, વાસ્તુ, નવચંડી યજ્ઞ વગેરેમાંથી પ્રજાને નૈતિકતા નથી મળતી, સચ્ચાઈ નથી મળતી.

જ્યોતિષીઓ દ્વારા દર્શાવેલા ચોઘડિયામાં માનવું એ અંધશ્રધ્ધાજ છે. શુભ, લાભ, કાળ વગેરે ચોઘડિયાનું અસ્તિત્વજ નથી. તે કલ્પના માત્ર છે. પ્રત્યેક દોઢ કલાકનાં ગાળામાં વાતાવરણમાં કોઈ રાસાયણિક પરિવર્તન થતું નથી. પરંતુ એકવાત સુનિશ્ચિત છે કે આપ કોઈ પણ કાર્ય કરતી વખતે તે સમય-કાળ-પરિસ્થિતી તથા લાભાલાભનો ટુંકો પણ સારો વિચાર કરી અમલમાં મૂકશોતો કયારેય પસ્તાવોનો વારો નહિં આવે. ધર્મતો આત્મબળ આપે, હિંમત આપે, આત્મવિશ્વાસ આપે. જ્યારે અંધશ્રધ્ધા તો વહેમ, ચિંતા, ભય અને ડગુમગુ મનોવલણ જ આપે છે.

આપણાં જીવનમાં પ્રત્યેક દિવસ ઈશ્વરનો બનાવેલો છે. એટલા માટે દરેક દિવસ સુંદર અને પવિત્ર છે. ઈશ્વર મહાન છે તેની કૃતિઓમાંથી શુભ-અશુભનાં દોષ કાઢવા એ એક પ્રકારે ઈશ્વરને જ અપવિત્ર અને દોષી ગણવા જેવી બાબત છે.

હિન્દુઓની માન્યતાઓની વિરૂદ્ધ વિશ્વના અન્ય દેશો અને જાતિઓમાં એવા દિવસોમાં લગ્ન થાય છે, જે લગ્નો માટે જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટીએ અશુભ સમય માનવામાં આવ્યો હોય છે. લગ્ન જીવનમાં સંબંધો પતિ-પત્નિની એક બીજાને સમજવાની અરસ પરસની અનુકુળતા તથા લાગણીઓને સમજવાની સમજણમાં જ છૂપાયેલી છે.

આમ સમાજમાં હંમેશા શુદ્ધ ધર્મ પ્રચલિત હોય તે દરેક માટે સુખરૂપ નિવડે છે. આથી જ આપણે સહુએ ધર્મમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવાની તાતી જરૂર છે.

---

## I'LL BE THERE FOR YOU, MOM & DAD

When life is dull and there is nothing to do
Just think of me and I'll be there for you.
When you are bored in life, No work to be done
And you want somebody, I'll be the one.
When you feel life is lonely and there is no one there
Just remember me and the memories we share.
When life is terrible and there is some fear
Call me, I'll be there Whether I'm far or near.
Don't leave me alone I won't leave you too,
Just keep this in your heart That I'll be there for you.

**- Aayushi Nilesh Kacheria (Age 12 Yrs)**

જીવનમાંથી અંધશ્રધ્ધા કે અતિશ્રધ્ધા દૂર થતાંજ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળા શુદ્ધ ધર્મનો ઉદય થશે.

અંધશ્રધ્ધાનું સૌથી મોટું ઉદ્‌ગમ કેન્દ્ર આજના સપ્તાહો, પારાયણો, સત્સંગો, ચમત્કારિક આખ્યાનો અને ચમત્કારિક ચલચિત્રો છે. આ સઘળાં માધ્યમો દ્વારા પ્રજાને જે કથાવસ્તુ પીરસાય છે તેમાં શ્રાપ અને આર્શિવાદની કથાઓ ભરપૂર રહે છે. વારંવાર આવી કથાઓની સાથે અપ્રાકૃતિક, અબુદ્ધિગમ્ય ઉત્પતિઓ તથા ચમત્કારિક ઘટનાઓ, દિવ્ય લીલાઓ વગેરે બધુ મળીને શ્રોતાવર્ગને ચમત્કારિક વાતાવરણમાં ડૂબાડી દે છે. તેમાં પુરુષાર્થ, સાહસ, નવીનતાની પ્રેરણા લગભગ નથી હોતી. એટલે શ્રોતાઓ આશીર્વાદ આપનારને જ શોધવા લાગે છે. પોતપોતાની કથા પ્રમાણે તેમને ચમત્કારિક સાધુ સંત મહાત્માઓ મળી રહે છે. પ્રત્યેક વ્યક્તિને પોતાની અંગત મહત્વકાંક્ષા માટે એક જાતનાં આશીર્વાદની શોધ રહે છે. કોઈને પણ કશી વસ્તુની પ્રાપ્તિ માટે ખરેખર ઉદ્યમ કરવો જ નથી. દરેકને ટુંક સમયમાં રાતોરાત ધનપતિ, કરોડપતિ બનવું હોય છે. જ્યાં સુધી લોકોની અંધશ્રધ્ધા યેનકેન પ્રકારે સંતોષાતી રહેશે ત્યાં સુધી આવી શ્રધ્ધા અંધશ્રધ્ધાની દુકાનો ધમધોકાર વ્યાપાર કરતી જ રહેશે.

આથી કંઈ આપણે સપ્તાહો કે સત્સંગો બંધ કરવાની કશી જ જરૂર નથી. આવી પ્રવૃત્તિઓથી તો લાખો લોકોને ભક્તિ, શક્તિ, શાંતિ અને સન્માર્ગની પ્રેરણા મળે છે. જરૂર છે ફક્ત તેનાં કલેવરને બદલવાની. હવે શ્રાપ અને આશીર્વાદની કથાઓની જગ્યાએ પુરષાર્થની, સાહસની, વિજ્ઞાનની કથાઓ લોકોને સંભળાવવાની જરૂરત છે.

આજે પશ્ચિમનાં દેશોની અનુકરણતાનાં પંથે આપણાં દેશમાં પણ લોકોમાં એક પ્રકારની જાગરૂકતા આવવા લાગી છે. જે માત્ર ધર્મની દૃષ્ટિએ નહિ, પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ એટલે કે વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારતો થયો છે. હવે આપણી ધર્માંધ પ્રજાએ વિચારવું રહયું કે વૈજ્ઞાનિક દૃષ્ટિએ ધર્મનું પાલન કેવી રીતે કરી શકાય. આપણે ખરેખર સુખી અને સમૃદ્ધ બનવું હશે તો કુમાન્યતાઓથી તો પ્રથમ મુક્તિ મેળવી અત્યાવશ્યક છે. આવી કુમાન્યતાઓથી મુક્તિ મેળવવા ધર્મમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવાની ઝુંબેશ હોવી જરૂર છે અને સાથે ધર્મમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવાની ઝુંબેશ થવી જોઈએ. આમ બન્ને પ્રકારની ઝુંબેશથી આપણે સહુ સુખી અને સમૃદ્ધ ભારતનું નિર્માણ કરીશું.

**– રાજેશ કડકીઆ (યુ.એસ.એ.)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત
## વસ્ત્રીપત્રક ૧૦મી આવૃતીનું વિતરણ

જત જણાવવાનું કે, જે કોઈ સભ્યોએ આજ દીન સુધી વસ્તી પત્રક ૧૦મી આવૃતીની પ્રતઃ ના લીધી હોય, તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે સંસ્થાના કાર્યાલયમાંથી મંગાવી લે. જૂજ કોપી બાકી હોવાથી પછીથી જે કોઈ સભ્યો ને નહી મળે તો સંસ્થા તેના માટે જવાબદાર નહી રહે.

**– મંત્રી – મંજુલ ધારીઆ (હેડમાસ્તર)**

# મનુષ્યની પ્રભુ સામે શિકાયત

પરમાત્માએ જ્યારથી આ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારથી દરેક બાબતમાં વિરોધાભાસ સર્જન કર્યું છે. જેમકે દિવસ રાત, સુખ-દુઃખ, પ્રકાશ-અંધકાર વગેરે. આ Opposite સર્જન જરૂરી હતું. કારણ રાત જ ન હોત તો દિવસનું મુલ્ય ક્યાંથી સમજાત. દુઃખના અહેસાસથી સુખની કિંમત સમજાય છે. તેવી જ રીતે અંધકારમાં પ્રકાશની જરૂરીયાત વર્તાય છે. પરમાત્માએ સર્જેલી આ સૃષ્ટિથી કોઈ પશુપંખી કે અન્ય જીવોને શિકાયત ન હતી. કારણકે બધા જીવો દુનિયામાં જન્મે છે. શાંતીથી જીવે છે. અને સંતોષથી મૃત્યુ પામે છે. આ બધા જીવોમાં પરમાત્માએ એક જીવને (માનવ-જીવ) બે ચીજ વધુ આપી છે. ૧) બુદ્ધી, ૨) વાચા, બુદ્ધીથી મનુષ્ય સમજતો થયો ને વાચા દ્વારા પ્રભુને શિકાયત કરતો થઈ ગયો. પ્રભુને મનુષ્યે કઈ શિકાયત કરી તે એક કવિએ બહુ સરસ રીતે વર્ણન કર્યું છે તે અહીં રજુ કરું છું.

**શાને ?**

ખુદા, તારી ખુદાઈમાં આટલો બધો પક્ષપાત શાને ?
કે એકને રહેવા મહેલ, તો બીજાને ઝુંપડી શાને ?
પ્રકાશ પર તો સર્વનો છે એક સરખો હક્ક છંતા,
આ પાર છે અજવાળું તો, બીજી પાર અંધારુ શાને ?
પોતાને દયાવાન કહાવે છે તું છંતાયે સતાવે છે, જે
ગરીબોને, તેને આપ્યુ હાસ્ય તે શાને ?
ખુદ બળી ને દુનિયાના અંધકારમાં ફેલાવે છે તેજ
તેજ દિપકને તળે, આપ્યો અંધકાર શાને ?
મન મનાવું છું. પ્રકાશના તારલાઓ જોઈ ને કે છિદ્રો
છે. આકાશમાં પણ પછી અફસોસ છે શાને ?
તસલ્લી એટલી જ છે કે આત્મા મળશે મુજ મરણ પછી
છતાંયે એકલા જીવનથી કંટાળી જાઉ હું શાને ?

આટલી શીકાયત કર્યા પછી મનુષ્ય પ્રભુને કહે છે કહો પ્રભુ તમે સર્વ શક્તિમાન સર્જનહાર છો તો આનો જવાબ મને આપો. આ દુનિયા એવી કેવી બનાવી છે. જેમાં બધાય દુઃખી છે.

ત્યારે પરમાત્મા મનુષ્યને જવાબ આપે છે.

'નહીં વત્સ, તારી વાત ખોટી છે. ફક્ત માણસ જાત જ દુઃખી છે. બાકીના એક પણ પ્રાણી 'દુઃખ' શબ્દને જાણતું નથી. બધા જીવો પ્રકૃતિગત જન્મે છે. આનંદથી જીવે છે. અને શાંતીથી મરે છે. માણસને તો મેં વધારામાં બુદ્ધિ અને વાચા આપી છે અને સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષી એને સર્જનોમાં સર્વ શ્રેષ્ઠનો દરજ્જો આપ્યો છે. મનુષ્યને આ વધારાની ભેટ મે એટલા માટે આપી કે એ પૃથ્વી પરના જીવનને વધુ સુખદાયી બનાવે. પણ માણસે માણસાઈહીન બની એનો દુરૂપયોગ કર્યો છે. બુદ્ધિ દ્વારા માણસ કપટ કરતા શીખ્યો ને વાણી દ્વારા ઝગડા કરતો થયો. દેશ, ધર્મ, જાતિના ભાગલા પાડી રમખાણ, તોફાન, યુદ્ધ કરતા થયો. અત્યાચાર અને પીડીતોના શોષણ કરી આખી માણસજાતને દુઃખી કરી મૂકી એમાં મારો શો દોષ ?

પરમાત્માની આ વાત સાંભળી મનુષ્યને પોતાની ભૂલ સમજાઈને એણે પરમાત્માની માફી માગી. આજ થી તમે પણ પરમાત્મા પાસે ફરીયાદ ન કરતા, કંઈપણ જીવનમાં અસંતોષ હોય તો તમારા હૃદયને પૂછજો એને માટે જવાબદાર ફક્ત તમે જ છો.

**– અમીતા અજીતકુમાર પરીખ**

## ગુજરાત ગૌરવ પુરસ્કાર

દિવ્ય ભાસ્કર ગ્રુપ દ્વારા મુંબઈના વિવિધ ક્ષેત્રે આગળપડતાં ગુજરાતીઓનું સન્માન **'ગુજરાતનું ગૌરવ'** પુરસ્કાર દ્વારા કરવામાં આવ્યું હતું. આપણા બાલાસિનોરના ત્રણ વ્યક્તિઓ આ સન્માનને પાત્ર બની હતી. **શ્રી નગીનભાઈ પારેખ, શ્રી સુરેન્દ્રભાઈ પરીખ તથા શ્રી મુકેશભાઈ ગાંધીને 'ગુજરાતીનું ગૌરવ' પુરસ્કાર** આપણા કેન્દ્રીય એવિએશન મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પટેલના હસ્તે એનાયત થયો હતો. આ ત્રણે ભાઈઓને બાલાસિનોરના તમામ લોકો તરફથી ખુબ ખુબ અભિનંદન.

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો માર્ચ મહિનાનો કાર્યક્રમ તા. ૧૯-૩-૧૦ને શુક્રવારે બપોરે ૩.૦૦ વાગે ઓરિયેન્ટ કલબમાં શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૦ બહેનોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૧૦માંથી ત્રણ બહેનોને Prize આપેલા અને બાકીની સાત બહેનોને Consolation Prize આપેલા. વક્તા તરીકે શ્રી જવાહરભાઈ બક્ષીને invite કરેલા અને જજ તરીકે કામગીરી પણ તેમણે બજાવી હતી. તેમણે નરસિંહ મહેતા મીરા અને કબીર પર સુંદર વક્તવ્ય રજૂ કર્યું હતું. બધાને આ નવીન પ્રકારનો કાર્યક્રમ ખૂબ જ પસંદ પડયો હતો. અને ખૂબજ આનંદ આવ્યો હતો. પછી નાસ્તામાં રગડા પેટીસ, પીઝા, ઈટલી સંભાર ચટણી, ગુલાબજાબુને ન્યાય આપી બધા છુટા પડયા હતા અને જ્યારે હોલમાં Enter થતાની સાથે Cold drinks પણ આપ્યું હતું.

1st Prize - લતા ધારીયા

2nd Prize - પ્રિતી ધારીયા

3rd Prize - શીલ્પા શાહ

મહિલા મંડળનો એપ્રિલ મહિનાનો કાર્યક્રમ તા. ૨૮-૪-૧૦ને બુધવારે મોરારબાગમાં બપોરે ૨.૩૦ કલાકે અધિક મહિનો હોવાથી ભગવાનના બારે મહિનાના ઉત્સવો રાખવામાં આવ્યો હતો.

મહિલા વિભાગને શ્રીમતી કુસુમબેન નવીનચંદ્ર દોશી તરફથી રૂા. ૧૨,૦૦૦નું માતબર દાન મળ્યુ હતુ. મહિલા વિભાગ તેમનો તથા તેમના પરિવારનો હૃદય પૂર્વક આભાર માને છે.

આ કાર્યક્રમમાં ૭૫ થી ૮૦ જેટલી બહેનોએ ભાગ લીધો જેમાં જુદા જુદા ઉત્સવો પર રાસ, ગરબા, નૃત્ય, સંવાદો, કીર્તનો, દુહા અને સાખીથી કાર્યક્રમ ખુબ જ સુંદર રીતે ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ખૂબ જ સારી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સેવપૂરી તથા સેન્ડવીચને ન્યાય આપી બધા કાર્યક્રમના વખાણ કરતા છુટા પડયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેને પરોક્ષ રીતે કે પ્રત્યક્ષ રૂપે મદદ કરી હતી તે બધાનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

## મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ

તા. ૨-૬-૧૦ ને બુધવારે રાખવામાં આવ્યો છે. જેના પાસ તા. ૨૫-૫-૧૦ને મંગળવારે સંસ્થાની ઓફિસેથી C.P.Tank ખાતે ૩ થી ૪ની વચ્ચે આપવામાં આવશે. વહેલો તે પહેલાના ધોરણે પાસ આપવામાં આવશે. આ કાર્યક્રમ જૂના તથા નવા પિકચરના ગીતોનો છે જેમાં વચ્ચે વચ્ચે Quiz પૂછવામાં આવશે. સ્થળ પછી નક્કી કરીને જાહેર કરવામાં આવશે.

**– સંયોજક નીલમ પરીખ – ૯૮૬૯૭૫૪૯૧૬**

### સુધારો

માર્ચ ના અંકમાં શ્રી અસિત રસિકલાલ ધારીયા (દલાલ) તરફથી રૂા. ૧૦૦,૦૦૦/-ના દાનની જાહેરાત કરી હતી. તે. **રૂા. ૧,૧૧,૧૧૧/-** વાંચવા વિનંતી.

# કે.એમ.જી. હોસ્પીટલ ટ્રસ્ટ

**શ્રીમતી ચંદ્રિકાબેન શશીકાંત મણીલાલ ગાંધી બાળરોગ નિદાન કેમ્પ :-**

હોસ્પિલમાં દાતાના નામકરણ બાદનો બીજો કેમ્પ આગામી તા. ૭-૪-૧૦ને બુધવારના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કપડવંજના ખ્યાતનામ બાળરોગ નિષ્ણાત ડૉ. જગદીશ એન શાહે (એમ.ડી. ડી. પેડ.) સેવાઓ આપેલ. આ કેમ્પમાં ૪૨ દર્દીઓએ લાભ લીધેલ અને જરૂરીયાતવાળા દર્દીઓને ૧૦ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**મણીબેન મણિલાલ ધારીઆ ડિસ્પેન્સીંગ વિભાગ :-**

આ વિભાગમાં તા. ૧-૪-૦૯ થી ૩૧-૩-૧૦ દરમ્યાન કુલ ૩૧૯૭૮ દર્દીઓએ લાભ લીધેલ.

**શાંતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગ :-**

આ વિભાગમાં તા. ૧-૪-૦૯ થી ૩૧-૩-૧૦ દરમ્યાન કુલ ૨૧૧૬૨ દર્દીઓએ લાભ લીધેલ.

**ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) મોબાઈલ વિભાગ :-**

આ વિભાગમાં તા. ૧-૪-૦૯ થી ૩૧-૩-૧૦ દરમ્યાન કુલ ૧૨૪૯૩ દર્દીઓએ લાભ લીધેલ.

**લીલાબેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગ :-**

આ વિભાગમાં તા. ૧-૪-૦૯ થી ૩૧-૩-૧૦ દરમ્યાન કુલ ૧૪૫૪૯ દર્દીઓએ લાભ લીધેલ.

શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ કાલડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબીટીસ નિદાન કેમ્પ તથા તરૂ મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ તા. ૩૧-૬-૧૦ના રોજ યોજવામાં આવશે.

**મંત્રીશ્રીઓ શ્રી ધીરૂભાઈ શેઠ, શ્રી રાજેન્દ્ર દેસાઈ**

## શ્રી બાલાસિનોર ગોકુલેશ યાત્રા પ્રવાસ સંઘ આયોજીત
## શ્રી ચાર ધામ યાત્રા (ઉતરાખંડ)

**હરિદ્વાર મસૂરી - શ્રી બદ્રીનાથ - શ્રી કેદારનાથ - શ્રી ગંગોત્રી - શ્રી યમનોત્રી**

**પ્રવાસ પ્રયાણ - ૧-૯-૧૦ બુધવાર (રાજધાની) ● પ્રવાસ આગમન ૧૭-૯-૧૦ શુક્રવાર (રાજધાની)**

**પ્રવાસ ભાડૂ III TIER A/C ૨૨,૫૦૦/- ● પ્રવાસ ભાડુ II TIER A/C ૨૪,૦૦૦/-**

**નામ નોંધાવતી વખતે રૂપિયા ૧૦,૦૦૦/- આપવાના રહેશે.**

**નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૧-૬-૧૦ (ત્રણ મહિના પહેલા બુકીંગ)**

**વધુ વિગત માટે સંપર્ક કરવો.**

| | | | |
|---|---|---|---|
| ૧) શ્રી કેતન બાબૂલાલ મોદી | - ૯૩૨૨૨૭૭૭૩૩ | ૨) શ્રી બીપીન કીરતનલાલ દોશી | - ૯૮૨૧૩૧૬૨૩૩ |
| ૩) શ્રી ભૂપેન્દ્ર સુંદરલાલ કડકીયા | - ૯૮૯૨૫૫૮૫૪૪ | ૪) શ્રી મંજુલ શૈલેષ ધારીયા | - ૯૮૨૦૧૩૫૦૧૪ |
| ૫) શ્રી પંકજ કીરતનલાલ શાહ | - ૯૩૨૩૧૭૮૭૮૧ | ૬) શ્રી ધર્મેશ જયંતિલાલ શાહ | - ૯૮૨૦૩૪૧૩૭૧ |

## વાડાસીનોર પ્રગતિ સમાજ કોઓપરેટિવ ક્રેડીટ સોસાયટી લીમીટેડ

શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો,

સવિનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા તા. ૯-૬-૧૦ને બુધવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R) ના પ્રમુખ સ્થાને મળશે.

વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૫ના સમય માટે પ્રમુખશ્રી સભ્યો અને અનામત સભ્યોની ચુંટણી (આવ્યશકતા હશે તો) તા. ૭-૬-૧૦ સોમવારના રોજ સવારના ૧૧ થી સાંજના ૬ વાગ્યા સુધી સોસાયટીની રજી. ઓફીસ, બાલકૃષ્ણ કૃપા બિલ્ડીંગ, ૧લે માળે, ૪૫/૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ - ૨ ખાતે કરવામાં આવશે. તારીખ ૩૧-૩-૧૦ સુધીના દફતરે નોંધાયેલા સભ્યો મતદાન કરી શકશે.

**લી.**

**વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લીમીટેડ.**

**કારોબારી સમીતી વતી.**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીયા (મરઘા) તરફથી સમાજને ૧,૦૦,૦૦૦/- (અંકે એક લાખનું) દાન મળ્યું છે. **- મંત્રી - નીમીષ કડકીયા - દક્ષેષ કડકીયા**

# લગ્ન પ્રસંગે દાન માટે મળેલા વચનોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી જગદીશ અને અશ્વીન કાંતીલાલ ધારીયા (બલબલ) | રૂા. | ૧,૦૧,૦૦૦/- |
| ૨) | શ્રી સમીર મધુસુદન કડકીયા | રૂા. | ૧,૧૧,૧૧૧/- |
| ૩) | શ્રી ચંદ્રવદન દેસાઈ | રૂા. | ૧૦,૦૦,૦૦૦/- |
| ૪) | શ્રી દીનેશ નટવરલાલ મોદી (શહેરાવાળા) | રૂા. | ૧,૧૧,૦૦૦/- |
| ૫) | શ્રી દીપક જયંતીલાલ કડકીયા (હાલોલવાળા) | રૂા. | ૧૧,૦૦૦/- |
| ૬) | શ્રી જયેશ પ્રફુલ મોદી | રૂા. | ૧૧,૦૦૦/- |
| ૭) | શ્રી યોગેશ ઓચ્છવલાલ મોદી (ઠાસરાવાળા) | રૂા. | ૨૫,૦૦૦/- |
| ૮) | શ્રી મોહીત કાન્તીલાલ મહેતા | રૂા. | ૫,૦૦,૦૦૦/- |
| ૯) | શ્રી પ્રમોદ મુળજીભાઈ ધારીયા (લાલખા) | રૂા. | ૭,૫૦,૦૦૦/- |
| ૧૦) | શ્રી સચીન પ્રવીણચંદ્ર ગાંધી | રૂા. | ૫૫,૦૦૦/- |
| ૧૧) | શ્રી મુકેશ કીરતનલાલ શેઠ (અત્તરવાળા) | રૂા. | ૫૧,૦૦૦/- |
| ૧૨) | શ્રી રાહુલ શ્રીકાંત ધારીયા | રૂા | ૨,૫૦,૦૦૦/- |
| ૧૩) | શ્રી ગોપાલ નવનીતલાલ કડકીય (વડદલાવાળા) | રૂા. | ૭૫,૦૦૦/- |
| ૧૪) | શ્રી હરેશ બાબુલાલ કડકીયા (બેરા) | રૂા. | ૧૧,૧૧૧/- |
| ૧૫) | શ્રી સંજય જગમોહનદાસ મહેતા | રૂા. | ૨૧,૦૦૦/- |
| ૧૬) | શ્રી અજીત પુનમચંદ પરીખ (ધબેલા) | રૂા. | ૨૧,૦૦૦/- |
| ૧૭) | શ્રી અસીત રસીકલાલ ધારીયા (દલાલ) | રૂા. | ૧,૧૧,૧૧૧/- |

# બાલાસિનોર ફગવો

**બાલાસિનોર ફગવાના મનોરથી શાહ પરિવાર ૧૫.૨.૧૦ થી ૨૩.૨.૧૦ના સર્વ માંગલિક પ્રસંગોમાં જે કોઈએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ અને સહકાર આપીને સર્વ પ્રસંગોને દૈદીપ્યમાન બનાવ્યા એ બદલ સર્વનો હૃદયપૂર્વક આભાર માને છે.**

(૧) હોળી ચકલા યુવક મંડળ (ટીનુભાઈ ચોકસી અને મિત્રો)

(૨) વૈષ્ણવ કંઠી બંધ જ્ઞાતિ સમાજ (દશાનીમા, ખડાયતા, ભાવસાર, મેવાડ)

(૩) નીતાબેન કાનજીભાઈ પાંડવ (ચીફ ઓફીસર નગરપાલિકા, બાલાસિનોર)

(૪) રાજેશકુમાર હરજીવનદાસ વશૈયા (ચીફ ઓફીસર મ.ગુ.વિ.બો.)

(૫) બાલાસિનોર પોલીસ સ્ટેશન (એસ.ટી. જાવદ સાહેબ, (પી.આઈ.) આઈ.બી. અજમેરા સાહેબ, પી.એસ.આર. તથા પોલીસ સ્ટાફ)

(૬) નેશનલ ઈલે. ડેકોરેટર્સ

(૭) મનહર મહારાજ અને તેમના સાથીઓ

(૮) દર્પણ કલર સ્ટુડીયો

(૯) કાંદીવલીમાં વસતા સર્વ ભાઈઓ, બહેનો અને સ્નેહીજનો

જાણ્યે અજાણ્યે શરતચૂકથી કોઈપણ રહી ગયુ હોય તો તેનો પણ શાહ પરિવાર આભાર માને છે.

**લી. શાહ પરિવારના**

**જે જે શ્રી ગોકુલેશ**

# Program and Event Management Committee

## SHREE BALASINOR PRAGATI SAMAJ

**Email: balasinor.pragatisamaj@gmail.com**

## 2nd S E M I N A R

**Members of Program and Event Management Committee** are pleased to invite you for **Breakfast and Seminar** on Sunday, 4th July, 2010 at 8.45 am at Senate Hall, Status Restaurant , Nariman Point, Mumbai 400021. on

## TIME AND STRESS MANAGEMENT

**By Shri Nikhil Desai (Dedki),**

CEO and Director of The Centre For Excellence

Event Sponsored

By ***Smt Manjulaben Rajnikant Shah*** **(Nagarsheth)**

- All Balasinorians are invited to participate in the event with zeal to motivate and encourage our talented youth..

- Registration fee of Rs.150.00 per person is payable at the time of collection of Invitation Cards between **11am and 6pm** from:

  **(1)** Smt. Leelaben Kiritbhai Kadakia (Fadia) Administration Hall,
  (Pragati Samaj office, 45/49 Babu Genu Road, Off Kalbadevi Road, )
  **(2)** M/s. Kadakia Enterprise, 68/70 Nagdevi Street, Mumbai 400003

- Invitation Cards will be available only upto **10th June, 2010** for first 175 community members of Balasinor.

- The event is arranged for YOUTH AND TALENTS of Balasinor community to come together, share their experiences and develop a platform to organize such events in future. Please convey us your email address including of your colleagues, friends and family members, especially the youth which will enable us to mail all future messages from balasinor.pragatisamaj@gmail.com

**Pankaj Dharia (Lalkha), Convener,**
**(PROGRAM & EVENT MANAGEMENT COMMITTEE)**

# SHREE BALASINOR PRAGATI SAMAJ

Dear Balasinorians,

You all are aware that Shree Balasinor Pragati Samaj have introduced following Scheme recently.

**"Shri Pramod Muljibhai Dharia (Lalkha) Interest Relief on Home, Medical and Education Loans Scheme 2009."**

The aim of the Scheme is to give **relief on interest** on loans availed for Home, Medical and Education purposes.

We once again convey the salient features of the said scheme for the benefit of all Balasinorians who intend to take loans on purchase of new Home, Medical treatment and Education purposes.

Interested community members are requested to be in touch with the above official for immediate disposal of their applications and take advantage of the scheme.

## SALIENT FEATURES OF THE SCHEME

| | | |
|---|---|---|
| 1. | Eligibility | Any Adult Member of Dashanima Vanik Community of Balasinor residing in India |
| 2. | Scope | • Home Loan<br>• Health related Medical Loan<br>• Education Loan |
| 3. | Financing Institutions (Sanctioning Authorities) | All Nationalized, Scheduled, Private Banks and **Balasinor Pragati Samaj Co-op. Credit Society Ltd.** |
| 4. | Maximum Finance availed (Limit of Loan Sanctioned by the above institutions) | • Rs.20 Lacs for Home Loan per Property<br>• Rs.10 Lacs for Overseas Education per Student<br>• Rs. 3 Lacs for Domestic Education per Student<br>• Rs. 5 Lacs for Health related Medical Treatment per Patient |
| 5. | Funds Allocation and Period | Maximum Rs.5 Lacs in the Financial Year |
| 6. | Interest Relief Tenure | Five (5) years commencing from April 1st to March 31st and payable **every quarter.** |

| | | |
|---|---|---|
| **7.** | **Qualifying Amount for 1st Year** | (see table below) |

| Range of Finance made by the Institutions (Loan Sanctioned) | Rate of Interest Relief on Finance made | Amount of Interest Relief on Finance made (A x B) | Maximum Amt. of Interest Relief |
|---|---|---|---|
| (A) | (B) | (C) | (D) |
| 0.00 to 4 lacs | 5% | 00 to 20000 | 15,000 |
| 4.01 to 8 lacs | 4% | 16040 to 32000 | 20,000 |
| 8.01 to 12 lacs | 3% | 24030 to 36000 | 25,000 |
| 12.01 to 15 lacs | 2.5% | 30025 to 37500 | 31,000 |
| 15.01 to 20 lacs | 2% | 30020 to 40000 | 34,000 |

**20% reduction every subsequent year on Principal Interest Relief Amount of 1st year up to Five Years**
**The Managing Committee reserves the right to make changes in the Scheme, if necessary, and review the applications on merits**

| | | |
|---|---|---|
| **8.** | **Check Lists for Qualification** | Self attested photo state copies along with Originals for Verification of :-<br>• Supporting documents relating to Funds (Loans) Sanctioned & disbursed by the Financing Institutions (Sanctioning Authorities)<br>Proof of E.M.I. Payments to the Financing Institutions for last three months |
| **9.** | **Place for Application Forms** | Available from :-<br>Smt. Lilaben Kirtikumar Kadakia (Fadia) Admin. Office, Shree Balasinor Pragati Samaj, 45/49 Babu Genu Road, Off Kalbadevi Road, Mumbai 400002. |
| **10.** | **Qualification for Claim** | • Finance (Loan) sanctioned by the Financing Institutions should not be older than 6 months from the date of application.<br>• 15 days Processing Period for consideration in the monthly Managing Committee Members' Meeting<br>The Managing Committee is not bound to answer in case of rejection of any application on any ground |
| **11.** | **Assistance** | Samaj President, Shri Pankaj Kantilal Dharia (Lalkha)<br>Tel: 2348 1434 / 2348 0946 Cell: 98210 28762<br>Hon.Secretary, Shri Nimish Kadakia (Malam)<br>Tel: 2344 4555 / 2342 6889 |

**Pankaj Dharia (Lalkha)**
**President**

**Nimish Kadakia / Daxesh Kadakia**
**Hon. Secretaries**

# SHREE BALASINOR PRAGATI SAMAJ

Balkrishna Krupa Co-op. Housing Society Ltd. 45/49 Babu Genu Road,
Off Kalbadevi Road, Mumbai 400002 Phone : +91 22 2205 3476

**All Balasinorians,**
Residing out of India

May 10, 2010

Respected Community Members,

**Sub: Appeal for Donations**

We beg to inform you that " **Shree Balasinor Pragati Samaj** " established way back in 1968 is one of the prime institutions of our community and providing relief to the deserving fellow community members.

We narrate in brief the areas in which the relief is provided.

1) Cash upto Rs.6,000.00 per month / family who are economically not self sufficient
2) Education, both Domestic and Overseas
3) Room Accommodation
4) Business Promotion
5) Overseas Medical
6) Merriage Related
7) Interest Relief on Home, Education and Medical Loans.

On several occasions you have brought to the notice of our office bearers / committee members that almost all Balasinorians residing abroad, particularly in USA, UK and Australia always look out for an opportunity to donate to the institution and thereby helping to the deserving fellow brothers of our society But due to the Non Registration under Foreign Regulation Act, you have shown your inability to do much in the matter.

We are now glad and happy to convey all of you that a certificate baring Registration No.083781141 has been issued by the Government of India, Ministry of Home Affairs, New Delhi, under Foreign Contribution (Regulation) Act, 1976 to accept the donation from foreign countries, in the name of **Shri Balasinor Pragati Mandal** which is managed by Shri Balasinor Pragati Samaj.

You may therefore, send your valued donation **Via Remittances** as per the details mentioned hereunder.

**Intermediary Bank** : JP Morgan Chase Bank, New York, USA SWIFT CODE : CHASUS33

**For further credit to** : Axis Bank Ltd. New Marine Lines Branch, Mumabi 400020
SWIFT CODE : AXISINBB233
Axis Bank's A/C No. with JP Morgan Chese : 0011407376

**Ultimate Beneficiary** : Account No: 653010100013934 of Shri Balasinor Pragati Mandal. Balkrishna Krupa, 1st Floor, 45/49 Babu Genu Road, Kalbadevi Rd. Mumbai, Maharashtra 400002 with Axis Bank, Worlinaka Branch.

**Alternatively you may send the donation by your foreign currency cheques also.**

We the under mentioned, President and the Hon. Secretary on behalf the Managing Committee Members of above institution hereby appeal to all Balasinorians residing in foreign countries to donate generously for the noble causes and thereby helping and uplift the deserving community members of our society.

Thanking you and awaiting to receiving your positive response, we remain,

**PANKAJ DHARIA (LALKHA)**
**(President)**
**Mobile: +919821028763**

**DAXESH KADAKIA (LATKARI)**
(Hon. Secretary/Convener Foreign Funding)
**Mobile: +919833176158**

## ભરોસો રાધાવરનો ભારી

ભરોસો મને રાધાવરનો ભારી
ભરોસો મને રાધાવરનો ભારી
લગન મને લાગી તારી
મોહની મુજને તારી
તારા રંગમાં હું રાંચી
ભરોસો મને રાધાવરનો ભારી... ભરોસો
તું છે મારો સાંચો સંગાથી
પ્રેમ ભાવે કરું હું ભક્તિ
મુજને આશ એક તારી
ભરોસો મને રાધાવરનો ભારી... ભરોસો
શ્રીકૃષ્ણ ગોવિંદ ગિરીવર ધારી
ચરણે લેજો હે અવિનાશી
સૂણજો અરજી મારી
ભરોસો મને રાધાવરનો ભારી... ભરોસો

**– ઉષા એસ. ધારીયા**

---

## ગીતા

ગીતા એ વિશ્વ વ્યાપી
કૃષ્ણની અદભુત છે વાણી.
કર્મની ગતી છે ન્યારી,
પાર્થને સમજાવી છે વાણી.
જન્મ, મૃત્યુનો ભેદ સમજાવ્યો
શ્રધ્ધાનો દિવડો પ્રગટાવ્યો.
સર્વેશ્વર છે યોગેશ્વર છે.
કણ કણમાં વ્યાપેલો એ છે.
વાણી વર્તન વિચારમાં
મોહ માયાના બંધનમાં
અદભૂત છે ગીતાનો સાર
ગીતા સમજે તો ઉધ્ધાર.

**– સરલાબેન દેસાઈ (દેડકી)**

## નથી રહ્યા

મન અને મિલનના સંબંધ નથી રહ્યા,
લાગણીને આજીજીના દિલાસા નથી રહ્યા
રહ્યા છે ફક્ત આંખોના મનસૂબા
બાકી તો નજરનાં નજરાણાં નથી રહ્યા
છીપાવવી હતી અંતરની તરસ
પણ હવે તો પાણીના પરપોટાઓ પણ નથી રહ્યા
વરસી જાય છે. યાદમાં આંખના આંસુ
એ આંસુમા વહેતા આંખના કાજળ પણ નથી રહયા,
રહયા છે ફક્ત દિલના ઝખમ
બાકીતો રૂઝાયા વિના ઘા પણ નથી રહ્યા
વાતો પણ ગઈને વર્ષો પણ વીતી ગયા
તોય યાદોના સહારા નથી રહ્યા

**– શીરીષ જ. પરીખ**

## શ્રી બાલાસિરનો નવયુવક સંઘ

### શૈક્ષણિક પારિતોષિકો શાળા

### માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓ

શ્રી બાલાસિરનો નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીભાઈ-બહેનોને પારિતોષિકો આપવામાં આવે છે. જેમાં K.G. ધોરણ ૧ થી ૯ S.S.C., H.S.C, B.Com., B.A, B.Sc., B.D.S., C.A., LL.B, M.B.A, M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીભાઈ બહેનોએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી સાથે સંસ્થામાં પોતાના નામ આપી જવા. ઈનામ વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**મંત્રી – મંજુલ ધારીયા**

## તુજ દુરશ તું આપજે

ઓ પ્રભુ ! બસ એટલું માંગુ, આ ભવમાં દર્શન આપજે,
જાગૃતાવસ્થામાં શક્ય ન હોય તો, સ્વપ્નમાં દર્શન આપજે,
શ્રીજી સ્વરૂપે સેવ્યો જીવનભર, ઝાંખીના તુજ થઈ શકી,
તને ગમે ત્યારે, ગમે તે સ્વરૂપે તુજ દરશ તું આપજે...
રાગદ્વેષોથી પર ઉઠીને અહમને ઓગાળીના શક્યો,
મારૂ-તારૂના છોડી શકયો કે સતનો પૂજારીના થઈ શકયો,
ઢૂંકડા આવ્યા યમના તેડા ત્યારે, ડહાપણ કેરી ઉગી દાઢ,
તને ગમે ત્યારે, ગમે તે સ્વરૂપે તુજ દરશતું આપજે....
નમ્યો તે ગમ્યો તુજને જાણુ, જીવનભરના નમી શક્યો,
પતિતનો ગ્રહી કર કદિપણ, ઉભોના કોઈને કરી શકયો,
જેવો છું તેવો બાળક તારો, સમજી અનુગ્રહ કરજે,
તને ગમે ત્યારે, ગમે તે સ્વરૂપે તુજ દરશતું આપજે...
દીનદયાળુ ને પતિતપાવન, કૃપાનિધાન કહેવાય છે.
માતાપિતાને બંધુ સખો પણ આ ભવમાં મારો તું જ છે
લાયકના હું હોવા છતાંય તારા બાળના કોડ પૂરવા કાજ,
તને ગમે ત્યારે, ગમે તે સ્વરૂપે, તુજ દરશ તું આપજે...

**- સતીશચંદ્ર ભી. પરીખ (રોકડીયા)**

---

## ગ્રામ સેવા સમાજ, બાલાસિનોર
## કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

ઉપરોક્ત પાર્કના વિકાસ અને નિભાવ માટે નીચે મુજબ દાતાઓ પાસેથી દાન મળેલ છે. દાતાઓનો આભાર વધુ દાન આપનાર દાતાઓને સમાજના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી

રૂા. ૧૧,૦૦૦/- સુશીલાબેન રસિકલાલ ધારીઆ (બલબલ)
હસ્તે : અશોક રસિકલાલ ધારીઆ (બલબલ)
રૂા. ૧,૦૦૦/- શાહ જયેન્દ્રભાઈ જેઠાલાલ (ઉદ્દડાવાળા)
રૂા. ૧,૦૦૦/- શાહ અશ્વિનભાઈ જેઠાલાલ (ઉજડાવાળા)
રૂા.૧,૦૦૦/- શાહ અજયભાઈ જેઠાલાલ (ઉજડાવાળા)

**કુલ રકમ રૂા. ૫,૮૩,૮૩૮/-** નોંધાયેલ છે.

**લી. રજનીભાઈ શાહ (ઠાસરાવાળા)**

## આનંદ

'આનંદ' કાજે માનવી કરે કાળા ધોળા,
રખડે અહીં તહીં પણ ના મળે આનંદ' ક્યાંય !
આનંદ !...........
નથી સ્ત્રીની કાયામાં કે ધનની માયામાં,
આનંદ તો છે આપણી અંદર છુપાયેલો.
ભૂખ્યાને અન્ન આપશો... પામશો આનંદ.
ગરીબ ની આંતરડી ઠારશો...........
રડતાના આંસુ ઝીલશો ...........
જીવનમાંથી ભોગ વિલાસ છોડશો ...........
સદા ઈશ્વર નામ ભજશો ...........
સેવા કરશો માત પિતાની ...........
ગુરુને પૂજ્ય ગણશો ...........
અતિથિને આવકાર આપશો ...........
કામ, ક્રોધ, મોહ, લોભ છોડશો ...........
વાંચનનું મનન કરી જીવનમાં ઉતારશો ...........
બીજાના સુખમાં માણશો સુખ ..........
બીજાના દુ:ખમાં થાશો ભાગીદાર ...........
ન કરશો અભિમાન કરેલાં કાર્યો માટે ...........
લુલીને રાખશો કાબુમાં ...........
કપડાં ન બદલતા વાણી બદલશો ...........
સલાહ આપતાં પહેલાં અમલ કરશો ...........
વેરની શાંતિ પ્રેમથી નિવારશો ...........
સંપત્તિને સતકર્મમાં વાપરશો ...........
મન બુદ્ધિ ને રાખશો દુર વિસંગોથી ...........
જીવનમાં ગમ ખાતા શિખશો ...........
મનને લાડ લડાવવાના છોડશો ...........
જીવતા જીવતે મૃત્યુ ને રોજ કરશો યાદ ...........
તો ........... જીંદગીમાં... આનંદ... આનંદ... આનંદ

**- સુલપ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ અને
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

પ્રેરણાદાયક ઉદારદિલ દાતાઓને બિરદાવવા આયોજે છે

# 'દાતાઓનો સન્માન સમારંભ'

**વિશેષ આકર્ષણ**

**કમલેશ દરુ સંકલિત, મિહિર રાજડા લિખિત અને રાહુલ અંતાણી દિગ્દર્શિત**

## : એકાંકી નાટક :

**('સુપર મેન' જેવા સામાન્ય જણોની વાત)**

**સ્થળ :** રામા વાટુમલ ઓડિટોરિયમ કે.સી.કોલેજ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦

**તારીખ : ૧૩ જુન ૧૦, રવિવાર, સમય સવારે ૯ કલાકે**

શિક્ષણનાં પ્રસાર દ્વારા સમાજની પ્રગતિને વેગ આપનાર દાતાઓનાં સન્માનમાં સામેલ થવાં આપ સહુને આગ્રહભર્યું નિમંત્રણ

**નોંધ :- સવારે ૮.૪૫ થી ૯.૧૫ સુધી અલ્પાહારની વ્યવસ્થા છે.**

**- પ્રમુખ રસીકલાલ મણીલાલ લાકડાવાલા**

## દાતાઓને અપીલ

મંડળ સંચાલિત ૭ પૈકી ૩ યોજનાઓ પોતાની ઓળખ માંગે છે.

આપના કે આપનાં પ્રિયજનનાં નામ આપી ભવિષ્યનાં દાતાઓનાં ઘડતરમાં સહભાગી બનો.

દાતાઓને આવકારતી યોજનાઓ

| ક્રમ | યોજના | ભંડોળ | |
|---|---|---|---|
| ૧ | Primary Education Scheme | રૂા. ૭,૫૦,૦૦૦ | દાતા/પુરસ્કર્તા આવકાર્ય |
| ૨ | Higher Education Scheme | રૂા. ૧૧,૦૦,૦૦૦/- | દાતા/પુરસ્કર્તા આવકાર્ય |
| ૩ | Post Graduate Education Scheme (Bachelor's Degree Course) | રૂા. ૭,૫૦,૦૦૦ | દાતા/પુરસ્કર્તા આવકાર્ય |

**પ્રમુખ - રસીકલાલ મણીલાલ લાકડાવાલા**

**મંત્રી : કિરીટ ર. કડકિઆ (મલમ), શરદ દેસાઈ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ સન્માનિત સખાવતી દાતાઓ

| | | |
|---|---|---|
| ૧) | કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ | રૂા. ૧,૧૪,૪૧૪/- |
| ૨) | શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ | રૂા. ૧,૧૧,૦૦૦/- |
| ૩) | શ્રી રસિકલાલ કોદરલાલ શાહ (ડામરવાલા) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૪) | શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારિઆ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૫) | શ્રી કીર્તનલાલ સાંકરલાલ દેસાઈ (તલાટી) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૬) | શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૭) | ચંદુલાલ અમૃતલાલ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૮) | શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૯) | શાંતાબેન હીરાલાલ શાહ (ઘીવાલા) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૧૦) | શ્રીમતી મધુરીબેન નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૧૧) | શ્રીમતી લીલાબેન કીરીટકુમાર કડકિઆ (ફાડિયા) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૧૨) | શ્રીમતી ઉર્મિલા ચંદ્રકાંત પરીખ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૧૩) | શ્રી નિરંજનભાઈ મગનલાલ ગાંધી (છલકડીવાળા) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૧૪) | શ્રીમતી જયવંતીબેન નિરંજનભાઈ ગાંધી (છલકડીવાળા) | રૂા. ૧,૦૦,૦૦૦/- |

**મંત્રી – શ્રી કિરીટ કડકીઆ (મલમ), શ્રી શરદ દેસાઈ**

# SHREE BALASINOR NAVYUVAK SANGH JANSATHI CRICKET TOURNAMENT 2009-2010

**Fifth Match - 14/2/10 NIHAR KADAKIA v/s RIPAL PARIKH.** Played at Cross Maidan; NATIONAL CRICKET CLUB pitch. 40 overs match. Toss won by NIHAR KADAKIA. (Batted First)

Nihar Kadakia's team -196 all out in 37.3 overs.(Batting; Manit Parikh 38, Rohan Desai 38, Bowling: Sandeep Dharia 4 for 48 in 9 overs, Ripal Parikh 5 for 35 in 8 overs, Apurva Mody 3 for 50 in 7.3 overs).

Ripal Parikh's team-197 for 7 in 35.4 overs. (Batting:Sandeep Dharia 61, Dhaval Mehta 23, Bowling: Nihar Kadakia 3 for 33 in 9 overs, Suketu Parikh 2 for 31 in 4 overs).

Man of the Match : SANDEEP DHARIA for his excellent batting who scored 61 runs which included 10 fours & took oppositions for a ride by picking up 4 wickets.

**RIPAL PARIKH'S TEAM WON BY 3 WKTS & ENTERED INTO THE SEMIS.**

**1st SEMI-FINAL-13/2/2010 KINJAL PARIKH V/S CHIRAG PARIKH. Played at ISLAM**

GYMKHANA. 40 overs match. Toss won by CHIRAG PARIKH [Bowled First].

Kinjal Parikh's team - 264 FOR 6 IN 40 overs. (Batting : Devang Parikh 24, Kinjal Parikh 100*, Dharav Parikh 82, Bowling : Anik Desai 2 for 64 in 9 overs.)

Chirag Parikh's team - 266 for 4 in 37.5 overs. (Batting: Alkesh Kadakia 31,

Ashwin Karkera 115*, Anand Shroff 51, Bowling: Samir.R.Desai 2 for 49 in 9 overs, Mitul Parikh 2 for 25 in 4 overs).

Turning Point : Kinjal Parikh played a great knock of 100* which helped his team to reach a respectable score of 264 in 40 overs but in vain. A brilliant respond & knock from Ashwin Karkera of 115* helped Chirag Parikh's team to a great victory and a step forward to the finals.

Man of the match : ASHWIN KARKERA for his brilliant knock of 115* which inculded 11 fours. CHIRAG PARIKH'S TEAM WON BY 6 WKTS.

**2nd SEMI-FINAL -20/2/2010 SHITEN KADAKIA V/S RIPAL PARIKH.** Played at ISLAM GYMKHANA. 40 overs match. Toss won by RIPAL PARIKH [ Bowled First].

Shiten Kadakia's team-92 for 8 in 22.5 overs. (Batting: Utsav Mody 45, Bowling: Sandeep Dharia 2 for 25 in 6 overs, Ripal Parikh 3 for 11 in 5.5 overs).

Ripal Parikh's team - 94 for 3 in 13.2 overs. (Batting:Chirag.N.Desai 43*, Sanjiv Dharia 28)

Man of the match: Chirag.N.Desai for his brilliant 43* in 22 balls. Ripal Parikh's team won by 7 wickets and took the step forward to the finals.

**Final -27/2/2010 RIPAL PARIKH V/S CHIRAG PARIKH.** Played at ISLAM GYMKHANA. 40 overs match. Toss won by RIPAL PARIKH [Bowled First].

Chirag Parikh's team-205 in 40 overs. (Batting: Chirag Parikh 21, Shamik Shah 26, Ankur Parikh 27, Samir Mody 20, Bowling: Sandeep Dharia 4 for 29 in 9 overs, Ripal Parikh 2 for 36 in 8 overs, Apurva Mody 3 for 39 in 6 overs, Nitinbhai Gandhi 2 for 36 in 8 overs, Vivek Gupta 3 for 26 in 6 overs).

Ripal Parikh's team-207 in 39.4 overs. (Batting: Nitin Bhai Gandhi 20, Sanjiv Dharia 23, Apurva Mody 36, Jay Parkih 23, Bowling: Shamik Shah 4 for 36 in 9 overs, Satish Bhai Shah 3 for 39 in 9 overws.)

Allround performance from both the teams on the eve of the final. Great effort from both the captains [RIPAl PARIKH & CHIRAG PARIKH]. A twist and turn of the trophy till the last over was bowled, that who's going to win.

Man of the match : APURVA MODY for his all round performance. He scored 36 runs and took 3 wickets.

**RIPAL PARIKH'S TEAM Took THE SHOW AT THE LAST MOMENT AND WON THE B.N.S. JANSATHI TROPHY for the year 2009-2010.**

## SHREE BALASINOR NAVYUVAK SANGH
## FIRST EVER UNDER 16 CRICKET MATCH 2009-2010

First time in the history of balasinor cricket we organized an UNDER 16 CRICKET MACTH at Karnataka ground cross maidan. Match was played for 35 overs each side.

Two captains were MONil MODY V/S ADIT DHARIA. Toss won by MONIL MODY & decided to bat first.

Monil Mody's Team scored 237 in 35 overs. KANISHQ.D.PARIKH played a good knock of 25 runs not out in 24 balls, well supported by VRUSHANK KADAKIA (18 runs), MONIL MODY (14 runs) & KASHISH PARIKH (12 runs). From Adit dharia’s Team AAYUSH MODy took 4 wkts for 26 runs, RUSHIL GANDHI took 3 wkts for 29 runs & ADIT DHARIA took 3 wkts for 23 runs.

Adit Dharia's Team scored 221 in 35 overs. ADIT DHARIA played a splended knock of 35 runs not out in 22 balls, well supported by RUMIT KADAKIA (24 runs), KARAN KADAKIA (18 runs not out), DHRUVIN KADAKIA (16 runs) & AAYUSH MODY(13 runs not out). From Monil Mody's Team SOHAIL DESAI bowled brilliantly 4 wkts for 30 runs, ARYAN PARKIH also bowled well 4 wkts for 26 runs, PURAV PARIKH took 2 wkts for 40 runs.

Best Batsman : ADIT DHARIA. Best Bowler : ARYAN PARIKH. Best Fielder : PURAV GANDHI.

Man of the Match : SOHIL DESAI.

MONIL MODY'S TEAM WON BY 16 RUNS.

THIS MATCH WAS AN EFFORT TO SEE WHAT IS THE FUTURE OF BALASINOR CRICKET & THE BOYS WILL TAKE OUR COMMUNITY CRICKET IN ONLY ONE DIRECTIION & THAT IS UPWARDS.

ALL THE BEST TO ALL THE BOYS & GOOD LUCK FOR FUTURE MATCHES.

**KINJAL PARIKH - CONVENER**

# સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ની કાર્યવાહક સમિતિની ૮મી બેઠક તથા ૯મી બેઠક અનુક્રમે તા. ૨૨મી માર્ચ ૨૦૧૦ તથા ૩૦મી એપ્રિલના રોજ સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે યોજાઈ હતી. સંસ્થાના પ્રમુખ શ્રી શીરીષ પરીખના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા. સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ સંસ્થાની ૭મી તથા ૮મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

ક્રીકેટ સમિતિ ઉપનગર વિભાગ, શ્રીજી મેડીકલેઈમ, કોમ્પ્યુટર શિક્ષણ સમિતિ, મહિલા વિભાગ, જ્યોતિપુંજ સમિતિ, પુસ્તક સમિતિ, જનતા ફી સહાય સમિતિ, વગેરે સમિતિઓના સંયોજકોએ પોતાની સમિતિનો વાર્ષીક હીસાબ કીતાબ અહેવાલ સહીત રજુ કર્યો હતો.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી જયપ્રકાશ કડકીઆ જેઓએ અંગત કારણસર રાજીનામું આપ્યું હતું. તે વિષે ચર્ચા વિચારણા બાદ તેમનું રાજીનામું સર્વાનુમતે સ્વિકારાયું હતું.

કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી અજીત મોદી તરફથી આવેલ રાજીનામું ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે સ્વિકારાયું હતું. પ્રમુખશ્રીએ, શ્રી અજીત મોદી તરફથી પ્રાપ્ત થયેલ લાંબા ગાળાની સેવા બદલ તેમને બીરદાવ્યા હતા.

છેલ્લા ત્રણ માસથી પ્રીન્ટીંગ ખર્ચ તથા કાગળની કિંમતમાં થયેલ વધારાને પહોંચી વળવા જ્યોતીપુંજ માસીકમાં છપાતી જાહેર ખબરોની કિંમતમાં આશરે ૩૦ ટકાનો વધારો સર્વાનુમતે પસાર કરાયો હતો. આ વધારો ત્વરીત અમલમાં મુકવામાં આવશે.

સંસ્થાની વન ડે મિટિંગની તારીખ ૩૦મી મે ૨૦૧૦ને રવિવાર ઠરાવાઈ છે. વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦મી જુન ૨૦૧૦ને રવિવાર સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે યોજાશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કાર્યવાહક સમિતિના ૭ સભ્યો (મુંબઈ વિભાગમાંથી ૪ બેઠક અને પરાવિભાગ ખાતે ૩ બેઠક) ફારેગ થતા હોવાથી અને પ્રમુખશ્રીની ૧ બેઠકની ચુંટણી માટે નામાંકન ભરવાની તા. ૧૫-૫-૨૦૧૦ થી તા. ૨૫-૫-૧૦ નક્કી કરાઈ હતી. નામાંકન પાછું ખેંચવાની તા. ૨૬-૫-૧૦ થી ૨૮-૫-૧૦ના રોજ સાંજના ૬.૦૦ કલાક સુધી નક્કી કરાઈ હતી. જરૂર પડતા ચુંટણી વાર્ષિક સામાન્ય સભાના દિવસે યોજાશે. ચુંટણી અધ્યક્ષ તરીકે શ્રી વ્રજેશભાઈ નવનીતલાલ દેસાઈની સર્વાનુમતે નીમણુંક કરાઈ હતી. ૮મી બેઠકને દિવસે કુલ ૯ આજીવન સભ્યોની અરજી પૈકી ૨ અરજી વિદેશ ખાતે સ્વીકારાઈ હતી. ૧ સભ્યની લીવ મંજુર કરાઈ હતી. ૯મી બેઠકમાં કુલ્લે ૧૩૦ આજીવન સભ્યોની અરજી સ્વિકારાઈ હતી. ૩ સભ્યોની લીવ મંજુર થઈ હતી.

**સહમંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

**મંત્રી : શ્રી મંજુલ શૈલેશ ધારીયા (હેડમાસ્તર)**

## બાલાસિનોરનું ગૌરવ

સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ માટે મુંબઈગરાને આમંત્રણ આપવા મુંબઈ આવેલા ગુજરાતનાં મહેસુલપ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલે તા. ૯-૪-૧૦ના રોજ ઘાટકોપર ખાતે ૫૫ ગુજરાતીઓનું બહુમાન કર્યું તેમાં બાલાસિનોરના શ્રી મહેશભાઈ રસીકલાલ પરીખ (લહેંટા)નો (એક્યુપ્રેસર તેમજ પોલીઆના કેમ્પનું આયોજન કરવા બદલ) સમાવેશ કરવામાં આવ્યો હતો. શ્રી મહેશભાઈ છેલ્લા ૨૫ વર્ષોથી રાધાકૃષ્ણ ચેરીટીના આશ્રમે આવી માનદ સેવા આપી રહ્યા છે. મહેશભાઈને સમગ્ર સમાજ વતી ખુબ ખુબ અભિનંદન.

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિઆ તથા**
**શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકિઆ (ખીસાદાર)**
**પુરસ્કૃત**

## "Talent Appreciation Scheme"

જાહેર ક્ષેત્રમાં, કલા સાહિત્ય સમાજસેવા, ખેલકુદ, (Arts & Performing Arts, Literature, Social Service, Sports) ક્ષેત્રે ગત વર્ષ દરમિયાન આપણા સમાજનું નામ ઉજાળનાર 'જ્ઞાતિ ગૌરવ'ની ઉપલબ્ધિઓ માટે સમાજ ગર્વ અનુભવે છે.

આવાં 'જ્ઞાતિ ગૌરવ' અને તેમનાં સંબંધીઓ, અનુરૂપ માહિતી અને યોગ્ય પ્રસસ્તીપત્ર અમારાં સુધી પહોંચાડી તેઓની ઉપલબ્ધિઓને જાહેરમાં બિરદાવવાનો મોકો આપે. ઉમરનાં બાધ વગર નિઃસંકોચ આગળ આવી આપની ઉપલબ્ધિનાં આનંદમાં સમાજને પણ સહભાગી થવાની તક આપો.

**પ્રમુખ :**
**શ્રી રસિકલાલ મ. લાકડાવાળા - ૯૮૨૧૧૪૭૧૪૫**
**મંત્રી : શ્રી કિરીટ રમણલાલ કડકિઆ (મલમ),**
**શ્રી શરદ દેસાઈ - ૯૮૨૧૦૩૭૬૪૭**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. Shri Pravin J. Bhatt
   16, Rameshwar Co.op.H.S.G. Ltd.
   Ramgali, S.V.Road
   Kandivali (West), Mumbai - 400 067

2. Shri Mukesh Kantilal Shah (Dammerwala)
   2020, Artesia Blvd,
   # No. 22, Redando Beach
   CALIFORNIA - 90278
   U.S.A.

3. Shri Mahesh Rasiklal Kadakia
   Siddesh Jyoti Tower,
   'F' Wing, Balaram Street
   Garant Road (East)
   Mumbai - 400 008
   Ph. : 23088659

## મૃત્યુ નોંધ

| | ઉંમર (વર્ષ ) |
|---|---|
| તારાબેન કાંતિલાલ દોશી | ૯૨ |
| કોકીલાબેન કનુભાઈ શાહ | ૮૦ |
| ધર્મેશ ચંદ્રકાન્ત ધારીઆ | ૪૨ |

### સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– તંત્રી નિખિલ પરીખ – મંત્રી મંજુલ ધારીઆ**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની વર્ષ ૨૦૧૦ – ૨૦૧૧ માટે પ્રમુખની અને કાર્યવાહક સમિતિના સભ્યોની ૭ બેઠકોની ખાલી પડતી બેઠકોની ચૂંટણી અંગે

વર્ષ ૨૦૧૦ - ૨૦૧૧ માટે પ્રમુખની અને કાર્યવાહક સમિતિના સભ્યોની ૭ બેઠકો માટે **ઉમેદવારી પત્રકો મેળવવાની તા. ૧૫-૫-૨૦૧૦, શનીવાર અને સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૫-૫-૨૦૧૦ના મંગળવારના રોજ સાંજે ૮.૦૦ કલાક સુધી** સંસ્થાની ઓફિસે તથા ઉમેદવારી **પત્રકો પાછાં ખેંચવાની તારીખ ૨૮-૫-૨૦૧૦ના શુક્રવાર સાંજે ૬.૦૦ સુધી** સંસ્થાની ઓફિસે.

ચૂંટણીની જરૂર પડતાં ચૂંટણી વાર્ષિક સામાન્ય સભાના દિવસે રાખવામાં આવશે.

## ખાલી પડતી બેઠકો નીચે મુજબ છે

### પ્રમુખ

**શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆ**

### શહેર વિભાગ

૧) શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ
૨) શ્રી શૈલેષ નટવરલાલ કડકીઆ
૩) શ્રી નીખીલ નવનીતલાલ પરીખ
૪) શ્રી સંજય જયંતીલાલ શાહ

### ઉપનગર વિભાગ

૧) શ્રી કલ્પેશ કીર્તનલાલ ધારીઆ
૨) શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ
૩) શ્રી નીલેશ નવનીતલાલ શાહ

**નોંધ :** દરેક ઉમેદવારે લેખિત અરજી કરીને પોતાનું ઉમેદવારી પત્રક સંસ્થાની ઓફિસમાંથી મંગાવવાનું રહેશે. દરેક ઉમેદવારે પોતાના ફોર્મ પોતે જ ભરવાના રહેશે. ઉમેદવાર સંસ્થાનો સભ્ય હોવો જોઈએ તથા એના સમર્થનમાં બે અન્ય સભ્યોની સહી આવશ્યક રહેશે.

**મંત્રી – મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**